**તાત્કાલિક / સમય મર્યાદા**

ક્રમાંક : હિસાબી–૩ / ૭મું પગાર / ઉપધો / ૨૦૧૭ /૭00 - ૮૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૮/૦૯ / ૦૧ / ૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ગ્રાન્ટેડ તમામ,
જિલ્લો–બનાસકાંઠા

વિષય : સાતમા પગારપંચ અન્વયે ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં જરૂરી સુધારો કરવા બાબત

સંદર્ભ : નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંક : ધ/પેન,૩/વશી–જનરલ/7th pay/ ઉ.પ.ધો./૨૦૧૮/૪૨૦–૪૪ તારીખ : ૦૪/૦૧/૨૦૧૮

ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે તમામ ૧ થી ૫૯ સંવર્ગના કર્મચારીઓને સાતમા પગારપંચના લાભ સબબ ઉચ્ચતર પગાર ધોરણની યોજનામાં જરૂરી સુધારો કરવા નીચે દર્શાવેલ વિગતેની અને સામેલ પત્રક–અ મુજબની માહિતી નિયત નમુનામાં કોઈપણ જાતનો ફેરફાર કર્યા સિવાય કર્મચારીઓના સંવર્ગ વાઈઝની માહિતી હાર્ડ કોપીમાં બે નકલમાં અને શોફટ કોપીમાં સીડી / પેન ડ્રાઈવ સાથે MS EXCEL માં શ્રુતી ફોન્ટમાં અધ્યતન તૈયાર કરી મોડામાં મોડી દિન–૪માં અત્રેની કચેરીમાં રૂબરૂમાં મળી જાય તે રીતે સદર કામગીરીના જાણકાર કર્મચારી સાથે મોકલી આપવા બિનચુક જણાવવમાં આવે છે.

આ અંગે બીજુ વધુમાં જણાવવાનું કે સદર માહિતી તારીખ : ૦૧/૦૧/૨૦૧૬ થી તારીખ : ૩૧/૧૨/૨૦૧૮ સુધીના સમયગાળામાં ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા પાત્રતા ધરાવતા હોય તેવા અને તેટલા જ કર્મચારીઓની માહિતી સાતમા પગારપુચની અનુસૂચિના ૧ થી ૫૯ સંવર્ગ મુજબની સંવર્ગવાર અવશ્ય મોકલી આપવાની રહેશે.

ઉચ્ચતર પગાર ધોરણ માટે શૈક્ષણિક કર્મચારીઓને ૯ વર્ષ પ્રથમ – ૨૦ વર્ષ ધ્વિતીય – ૩૧ વર્ષ તૃતિય અને વહીવટી કર્મચારીઓને ૧૨ વર્ષ પ્રથમ – ૨૪ વર્ષ ધ્વિતીય એમ વર્ષોની ગણતરી કરી પાત્રતા તારીખ અને વર્ષ નકકી કરવાનું રહેશે. તથા વહીવટી કર્મચારીઓનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થઈ નાણાંકીય લાભ મળી ગયેલ હોય તો ધ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા તારીખ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળ્યાની તારીખમાં પંદર વર્ષનો ઉમેરો કરી ધ્વિતય ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા ગણવાની રહેશે.

બિડાણ : પત્રક–અ

**હિસાબી અધિકારી,**
**જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,**
**બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.**

## પત્રક–અ

તારીખ : ૦૧/૦૧/૨૦૧૬ થી તારીખ : ૩૧/૧૨/૨૦૧૮ સુધીના સમયગાળામાં ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા પાત્રતા ધરાવતા હોય તેવા જ કર્મચારીઓની માહિતી દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | પ્રથમ ઉ.પ.ધો. મંજુરીની પાત્રતા ધરાવતા કર્મચારીનું નામ | ધ્વિતીય ઉ.પ.ધો. મંજુરીની પાત્રતા ધરાવતા કર્મચારીનું નામ | તૃતીય ઉ.પ.ધો. મંજુરીની પાત્રતા ધરાવતા કર્મચારીનું નામ | સાતમા પગારપંચ મુજબ ઉ.પ.ધો.ના મંજુરીના કારણે પડનાર વધારાના નાણાંકીય બોજની નાણાંકીય રકમ રૂપિયામાં (માસિક) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |

સ્થળ : શાળાનું રાઉન્ડ સીલ આચાર્યના સહી સિકકો

તારીખ :